# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### આણંદમાં માનીતાની જમીન બચાવવા ટાઉન પ્લાનીંગના આયોજનમાં ‘લોચો’ કે મેલી રમત રમાઇ ?

# આણંદમાં રસ્તા વચ્ચે હાઈટેન્શન ટાવરનો ‘ફાંસો’



**મનપાની સંકલન** સમિતિમાં સાંસદ મિતેશ પટેલે ટાવર હટાવવા રજૂઆત કરી

**અધિકારીઓના** પાપે હવે પાલિકાએ કરોડોનો ધૂંબો સહન કરવો પડશે



(પ્રતિનિધિ) આણંદ તા.૧૨

કરમસદ-આણંદ મનપાની સંકલન સમિતિની બેઠકમાં શહેરના વિકાસના અનેક મુદ્દાઓ ચર્ચાયા હતા, પરંતુ આ બેઠકમાં સૌથી વધુ ચોંકાવનારો કિસ્સો ટીપી સ્કીમ નંબર-10નો સામે આવ્યો છે. આણંદના ટીપી-10 વિસ્તારમાં રસ્તાની બિલકુલ વચ્ચે હાઈપર ટેન્શન લાઇનનો પિલર (ટાવર) હોવાની ગંભીર બાબત સામે આવતા તંત્રની કામગીરી સામે સવાલો ઉભા થયા છે.

આણંદ શહેરમાં એવી ચર્ચાએ જોર પકડ્યું છે કે ટીપી-10 બનાવતી વખતે જ કોઈ નિશ્ચિત વ્યક્તિની કિંમતી જમીનને કપાતમાંથી બચાવવા માટે રસ્તાનું આયોજન એવી રીતે કરવામાં આવ્યું કે હાઈપર ટેન્શન લાઇનનો ટાવર રસ્તાની વચ્ચે આવી ગયો. આ એક ‘ગંભીર ક્ષતિ’ ગણાવવામાં આવી રહી છે, જે સામાન્ય ભૂલ નહીં પરંતુ જાણીજોઈને કરવામાં આવેલું આયોજન હોય તેવું દેખાઈ રહ્યું છે.

આ અંગે સાંસદ મિતેશભાઇ પટેલે સંકલન બેઠકમાં ટાવર તાત્કાલિક ખસેડવા માટે ઉગ્ર રજૂઆત કરી છે. જોકે, હવે આ ટાવર હટાવવા માટે મહાનગરપાલિકાએ કરોડો રૂપિયાનો ખર્ચ કરવો પડશે. જે તે સમયે લેવાયેલા ટૂંકી દ્રષ્ટિના અથવા તો પક્ષપાતી નિર્ણયનો ભોગ હવે જનતાના ટેક્સના પૈસા બનશે તેવી સ્થિતિ સર્જાઈ છે. અલબત્ત, મ્યુનિસિપલ કમિશનરે ધારાસભ્ય અને સાંસદના સૂચનોને વિકાસ માટે અનિવાર્ય ગણાવતા અધિકારીઓને પ્રજાની સુખાકારી માટે ત્વરિત પગલાં લેવા આદેશ આપ્યો છે. હવે જોવાનું એ રહે છે કે ટીપી-10ની આ ‘ભૂલ’ સુધારવા માટે જવાબદાર અધિકારીઓ સામે કોઈ પગલાં લેવાય છે કે કેમ, અને જનતાના પૈસાનો વ્યય ક્યારે અટકે છે.

#### બેઠકના અન્ય મહત્વના મુદ્દાઓ

- **ધારાસભ્ય યોગેશ પટેલની રજૂઆતઃ** સોસાયટીઓમાં સ્ટ્રોમ વોટર લાઈન નાખ્યા બાદ જ રસ્તા બનાવવા, વલ્લભ વિદ્યાનગર ભાઈ કાકા ચાર રસ્તા પર ટ્રાફિક હળવો કરવા ઓવરબ્રિજ બનાવવો અને ગટર લાઈન ન હોય ત્યાં તાકીદે વ્યવસ્થા કરવી.
- **રેલવે સ્ટેશન પાસે દબાણ હટાવાયાઃ** રેલવે સ્ટેશનની સામે મહાનગરપાલિકાની જગ્યા પરના ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરીને ધારાસભ્યએ બિરદાવી હતી.
- **કમિશનરની કડક સૂચનાઃ** કમિશનર આર. એન. ડોડીયાએ અધિકારીઓને પરસ્પર સંકલનમાં રહી પ્રજાલક્ષી કાર્યો ઝડપથી કરવા અને જાહેરમાં કચરો નાખનાર સામે દંડનીય કાર્યવાહી કરવા સૂચના આપી છે.

---

### વંદે ભારત બાદ હવે ‘અમૃત ભારત’ ટ્રેનથી પણ વંચિત રહેતા રોષ

# નડિયાદ શહેરને રેલવે સ્ટોપેજ મામલે હળહળતો અન્યાય થયો

**અમૃત ભારતને ૨૭** શહેરોમાં સ્ટોપેજ છતાં ખેડા જિલ્લાના મુખ્ય મથકની અવગણના

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૨

ખેડા જિલ્લાના મુખ્ય મથક એવા નડિયાદ જંકશન રેલવે સ્ટેશન પર આધુનિક અને લાંબા અંતરની ટ્રેનોના સ્ટોપેજ આપવામાં રેલવે તંત્ર દ્વારા સતત અન્યાય કરવામાં આવી રહ્યો છે. દેશની પ્રતિષ્ઠિત ‘વંદે ભારત’ ટ્રેન બાદ હવે અમદાવાદ-પટના ‘અમૃત ભારત’ (૨૧૯૦૫/૦૬) અને ઓખા-તિરૂપતિ (૧૯૫૫૯/૬૦) જેવી મહત્વની ટ્રેનોના સ્ટોપેજ ન મળતા સ્થાનિક નગરજનો અને બુદ્ધિજીવીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

નડિયાદના જાગૃત નાગરિકો આ પરિસ્થિતિ માટે સ્થાનિક રાજકીય આગેવાનોની ઉદાસીનતાને જવાબદાર ગણાવી રહ્યા છે. એક તરફ આણંદના સાંસદની સક્રિયતાને કારણે ત્યાં વંદે ભારત સહિતની ટ્રેનોના સ્ટોપેજ મંજૂર કરવામાં આવ્યા છે, ત્યારે સરદાર પટેલની જન્મભૂમિ એવા નડિયાદના સાંસદ અને ધારાસભ્ય આ બાબતે ‘નિંદ્રાધીન’ હોય તેવું જણાય છે.,

ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં જ્યારે નડિયાદને ‘કેવડિયા જનશતાબ્દી’નું સ્ટોપેજ મળ્યું ત્યારે આણંદના સાંસદે ઉગ્ર રજૂઆત કરી માત્ર ૩ મહિનામાં જ પોતાના શહેર માટે સ્ટોપેજ મેળવી લીધું હતું, જેની સામે નડિયાદના નેતાઓ વામણા પુરવાર થઈ રહ્યા છે.

ગુજરાતના નાના-મોટા ૨૭ શહેરોને વંદે ભારત ટ્રેનની સુવિધા મળી રહી છે. વાપી અને સુરત વચ્ચે દર ૨૦ મિનિટે ટ્રેન થોભતી હોય તો પછી ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદની અવગણના કેમ? તેવા પ્રશ્નો પ્રજામાં ઉઠી રહ્યા છે. સ્થાનિક લોકોની પ્રબળ માંગ છે કે ખેડાના સંસદ સભ્ય આ બાબતે કેન્દ્ર સરકારમાં સબળ રજૂઆત કરી નડિયાદને વંદે ભારત અને અમૃત ભારત જેવી ટ્રેનોનું સ્ટોપેજ અપાવે. અન્યથા ગાંધીચિંધા માર્ગે આંદોલન પણ કરવા તૈયારી હાથ ધરી છે.

---

# લુણાવાડા :બંધ મકાનમાંથી સવા લાખની મતા ચોરાઈ

**પરિવાર વતન ગયા** હોવાની તક ઝડપી તસ્કરોએ તાળાં-બારી તોડી કબાટ ફંફોસ્યા

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૨

મહિસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડાના મોટી ચરેલ વિસ્તારમાં આવેલી યુવરાજ પાર્ક સોસાયટીમાં તસ્કરોએ એક જ રાતમાં બે બંધ મકાનોને નિશાન બનાવી તરખાટ મચાવ્યો છે. અજાણ્યા ચોર ઈસમો મકાનોના તાળાં અને બારી તોડી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ રૂ. ૧,૨૯,૫૦૦ ની મત્તા ચોરી કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, યુવરાજ પાર્ક સોસાયટીના મકાન નંબર ૧૬માં રહેતા અજયસિંહ પુવાર ગત ૯મી જૂનના રોજ પરિવાર સાથે વતન દીવડા ગયા હતા. આ દરમિયાન તસ્કરોએ તેમના બંધ મકાનની લોખંડની જાળી અને તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ચોરોએ તિજોરી વેરવિખેર કરી સોનાની કડી, વીંટી, બુટીની ચેઈન તથા ચાંદીના પાયલ અને રૂ. ૧૦ હજાર રોકડાની ચોરી કરી હતી. બાદમાં તસ્કરોએ બાજુમાં જ આવેલા મકાન નંબર ૨૭ને નિશાન બનાવ્યું હતું.

આ મકાનના માલિક મણીબેન પટેલીયા પણ વતન ગયા હોવાથી ચોરોએ ઘરની પાછળની બારી તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને ત્યાંથી અંદાજે દોઢ તોલાની સોનાની ચેઈન તથા રૂ. ૧૫ હજારની ઉઠાંતરી કરી હતી. આ ઘટના અંગે લુણાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

---

### “તું ખરો પોલીસવાળો હોય તો અહીં જ બેસજે, તને પણ પૂરો કરી દઈશ !”

# વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં PSI પર વિધર્મી યુવકનો હુમલો

**બીટ રૂમમાં** તપાસ દરમિયાન ઈસ્માઈલનગરના શખ્સે આતંક મચાવ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૨

વિદ્યાનગર પોલીસ મથકમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાવતો એક સનસનીખેજ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પોલીસ સ્ટેશનના પ્રથમ માળે આવેલા બીટ રૂમમાં જ તપાસની કાર્યવાહી ચાલતી હતી ત્યારે એક શખ્સે ઘૂસીને ફરજ પરના પોલીસ સબ ઈન્સ્પેક્ટર સાથે ઝપાઝપી કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી અને સરકારી કાગળો ફાડી નાખ્યા હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ શખસે પોલીસની હાજરીમાં જ પક્ષકારોને ધમકાવી પીએસઆઈ પર હુમલો કરતા ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વિદ્યાનગર પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર આઈ.આર. દેસાઈ અને અન્ય પોલીસ સ્ટાફ તારીખ 11મી જૂન, 2026ના રોજ રાત્રિના આશરે 9:00 વાગ્યાના અરસામાં એક અરજીના કામે પક્ષકારોની પૂછપરછ કરી રહ્યા હતા. આ સમયે ઈસ્માઈલનગરનો રહેવાસી સિદ્દીક સલીમભાઈ મેમણ અચાનક બીટ રૂમમાં ઘૂસી આવ્યો હતો. તેણે આવતાની સાથે જ ત્યાં હાજર અરજીના સામાવાળા પક્ષકારોને પોલીસની હાજરીમાં જ જોરજોરથી બોલી ધમકાવવાનું શરૂ કર્યું હતું.

જ્યારે પીએસઆઈએ આ શખ્સને અટકાવવાનો પ્રયાસ કર્યો અને તેનું નામ પૂછ્યું, ત્યારે તેણે ઉશ્કેરાઈ જઈને પોતાનો મોબાઈલ કાઢી પોલીસની કાર્યવાહીનું વીડિયો શૂટિંગ શરૂ કરી દીધું હતું. પીએસઆઈએ તેને રોકતા તેણે ઉદ્ધતાઈપૂર્વક કહ્યું હતું કે, “તે મને કહેવાવાળો કોણ છે? હું ઈસ્માઈલનગર રહું છું, મારા મિત્રોને બોલાવીશ તો તમને ખબર પણ નહીં પડે.” વધુમાં તેણે પોલીસને પડકાર ફેંકતા કહ્યું હતું કે, “જો તું ખરો પોલીસવાળો હોય તો તું અહીં જ બેસજે, આવા દો કેટલાય પૂરા કરી નાખ્યા તેને પણ પૂરો કરી દઈશ.” આ સમગ્ર મામલે પીએસઆઈ આઈ.આર. દેસાઈએ સિદ્દીક સલીમભાઈ મેમણ વિરુદ્ધ વિવિધ કલમ હેઠળ ગુનો નોંધાવ્યો છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

#### પીએસઆઈના યુનિફોર્મની ફેટ પકડી કાગળો પણ ફાડી નાંખ્યા હતાં



વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં ઉશ્કેરાયેલા સિદ્દીક મેમણે પીએસઆઈ આઈ.આર. દેસાઈના યુનિફોર્મની ફેટ પકડીને તેમને ખેંચ્યા હતા અને તેમની સાથે ઝપાઝપી કરી હતી. આ દરમિયાન તેણે ટેબલ પર રહેલા તપાસના મહત્વના સરકારી કાગળો ઝૂંટવીને ફાડી નાખ્યા હતા. આ ઝપાઝપીમાં પીએસઆઈના ડાબા હાથની આંગળીઓ પર લોહી નીકળે તેવી ઈજાઓ પહોંચી હતી.

# પોલીસ મથકમાં જ માતા અને પુત્રીને ધમકી આપી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૨

વિદ્યાનગર પોલીસ મથકે નિવેદન આપવા આવેલા માતા - પુત્રીને વિધર્મી શખ્સે પોલીસની હાજરીમાં જ મારી નાખવાની ધમકી આપી હતી.

આણંદમાં રહેતા અને પશુપાલન કરતાં કુંજ અભિષેક ભંડારી (ઉ.વ. ૨૪) તેમના માતા ઉષાબેન સાથે વિદ્યાનગર પોલીસ મથકે નિવેદન આપવા આવ્યા હતા. પશુ આહારના પૈસાની લેતીદેતી બાબતે થયેલી અરજીના અનુસંધાને તેઓ પીએસઆઈ આઈ.આર. દેસાઈ સમક્ષ રજૂઆત કરી રહ્યા હતા. તે દરમિયાન સિદ્દીક સલીમભાઈ મેમણ (રહે. ઈસ્માઈલનગર, આણંદ) ત્યાં ધસી આવ્યો હતો.

આ સમયે સિદ્દીક મેમણે બીટ રૂમમાં પ્રવેશતાની સાથે જ ઉશ્કેરાઈ જઈને કુંજને અપશબ્દો કહેવા લાગ્યો હતો. આથી, પોલીસની હાજરીની પરવા કર્યા વગર બંને મહિલાઓને જાનથી મારી નાખવાની ધમકી આપી આતંક મચાવ્યો હતો. જ્યારે પોલીસ સબ ઈન્સ્પેક્ટર આઈ. આર. દેસાઈ અને અન્ય પોલીસ સ્ટાફે આરોપીને શાંત પાડવા અને મહિલાઓને ધમકાવતા રોકવા પ્રયાસ કર્યો, ત્યારે વધુ હિંસક બન્યો હતો. તેણે પીએસઆઈ સાથે ઉગ્ર બોલાચાલી કરી ઝપાઝપી કરી હતી.

આમ, પોલીસ કાર્યવાહીમાં અડચણ ઊભી કરી કાગળો ઝૂંટવવાનો પણ પ્રયાસ કર્યો હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. આ ઘટના અંગે વિદ્યાનગર પોલીસે સિદ્દીક સલીમભાઈ મેમણ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

---

# કારના ‘ચોરખાના’માંથી ૪.૭૩ લાખનો દારૂ ઝડપાયો

**રાજસ્થાનથી ઠાસરા** મોકલવામાં આવતો જથ્થો પકડાયો

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.૧૨

ઉમરેઠ પોલીસે બાતમીના આધારે વિઝોલ રોડ પર સંજરી સોસાયટી પાસે વોચ ગોઠવીને રાજસ્થાનથી ઘુસાડવામાં આવી રહેલો વિદેશી દારૂ અને બિયરનો મસમોટો જથ્થો ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પોલીસે નાકાબંધી દરમિયાન એક શંકાસ્પદ સિલ્વર કલરની ક્રેટા કારને કોર્ડન કરી હતી, જેમાંથી રાજસ્થાનના ડુંગરપુરના ચાલક નરેશ મદનલાલ ડેન્ડોરને ઝડપી પાડવામાં આવ્યો હતો, જ્યારે ‘ટીટુ’ નામનો અન્ય એક શખ્સ અંધારાનો લાભ લઈ ખેતરોમાં નાસી છૂટ્યો હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે બુટલેગરોએ દારૂ છુપાવવા માટે કારની પાછળની સીટ કાઢીને ખાસ ‘ચોરખાના’ બનાવ્યા હતા. આ ખાનાઓમાંથી પોલીસે અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૧,૪૯૫ બોટલ અને બિયરના ૧,૨૭૨ ટીન મળી કુલ રૂ. ૪.૭૩ લાખનો નશો જપ્ત કર્યો છે. પકડાયેલા ચાલકની પૂછપરછમાં ખુલાસો થયો હતો કે આ જથ્થો રાજસ્થાનના ખેરવાડાથી ભરીને ઠાસરાના વિઝોલ ગામના બુટલેગર પરવત ઉર્ફે ભગત ગોતાભાઈ પઢિયાર માટે મંગાવવામાં આવ્યો હતો.

પોલીસે રૂ. ૫ લાખની કિંમતની કાર અને દારૂ મળી કુલ રૂ. ૯,૩,૧૬૩નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ ગુનામાં સંડોવાયેલા પાયલોટિંગ કરનાર અને માલ મોકલનાર સહિત કુલ પાંચ શખ્સો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ઉમરેઠ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

---

### મહુધાના મહીસામાં જમીન વિવાદમાં લોહિયાળ ખેલ ખેલાયો

# મહુધામાં સમાધાન ન થતાં માતા અને બે પુત્રી પર જીવલેણ હુમલો

**કોર્ટ કેસમાં સમાધાન** ન થતા આઠ શખ્સોએ ઘરમાં ઘૂસી આતંક મચાવ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૨

મહુધા તાલુકાના મહીસા ગામે જમીન મિલકતના વિવાદ અને ચાલી રહેલા કોર્ટ કેસની અદાવતમાં એક જ પરિવારના સભ્યોએ પૂર્વ આયોજિત કાવતરું ઘડી માતા અને તેની બે દીકરીઓ પર હિંસક હુમલો કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. હુમલાખોરોએ ઘરમાં ઘૂસી લાકડાના ડંડા અને ધારદાર ધારીયા વડે મહિલાઓને ગંભીર ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

મળતી માહિતી અનુસાર, ઉમરેઠના સુરેલી ગામે રહેતા અફસાના બાનુ મલેક વેકેશનમાં પોતાના પિયર મહીસા આવ્યા હતા. તેમના પિતા હબીબખાન અને કાકા મહેબૂબ ખાન વચ્ચે લાંબા સમયથી જમીન બાબતે વિવાદ ચાલતો હતો, જે અંગે નડિયાદ કલેક્ટર કચેરી અને મહુધા કોર્ટમાં કેસ પણ દાખલ છે. ગત તારીખ ૦૭મી, મે ૨૦૨૬ ના રોજ આ કેસનું મનદુઃખ રાખી પરિવારના જ ચાર શખ્સો - મહેબૂબખાન પઠાણ, નજીરખાન પઠાણ, વસીમખાન પઠાણ અને મકસુદખાન પઠાણે લાકડાના ડંડા સાથે ઘરમાં ઘૂસી સમાધાન માટે દબાણ કર્યું હતું. અફસાના બાનુએ પિતા હાજર ન હોવાનું જણાવતા આ શખ્સોએ તેમને અને તેમની માતાને નિર્મમ રીતે ફટકારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

આ હિંસક ઘટના અહીં જ ન અટકતા, તે જ દિવસે સાંજે નજીરભાઈના સાસરી પક્ષના ચાર શખ્સો (સોહીલખાન, ફરીદમીંયા, સબાનાબાનુ અને નાસીરમીંયા મલેક) લાકડાના ડંડા અને ધારીયું લઈને તૂટી પડ્યા હતા. આ હુમલામાં વચ્ચે પડેલી બીજી બહેન શહેનાઝબાનુને પણ ધારીયાના ઘા ઝીંકી ગંભીર રીતે ઘાયલ કરવામાં આવી હતી. હુમલાખોરોએ જો કેસ પાછો નહીં ખેંચો તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી ત્યાંથી નાસી છૂટ્યા હતા. આ મામલે મહુધા પોલીસે ગુનો નોંધી હુમલાખોરો સામે કાર્યવાહી હાથ ધરી છે.

---

# પૂજ્ય રવિશંકર મહારાજનું જીવન સમાજ સેવા માટે સર્વોત્તમ ઉદાહરણ

**જનતાની અપેક્ષાઓ** પૂર્ણ કરીએ એ જ સાચી દેશસેવા છે : કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી

(પ્રતિનિધિ) આણંદ તા ૧૨

વિકાસકાર્યોથી નાગરિકોને અવગત કરવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલી ‘પ્રગતિપથ યાત્રા’ અંતર્ગત અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકીની વિશેષ ઉપસ્થિતીમાં આણંદ જિલ્લાના બોચાસણ સ્થિત વલ્લભ વિદ્યાલય ખાતે કાર્યક્રમ યોજાયો હતો.

આ તકે સંબોધન કરતા કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યની સ્થાપનાની પ્રથમ ઈંટ મૂકનાર પૂજ્ય રવિશંકર મહારાજનું જીવન માનવ કલ્યાણ અને સમાજ સેવા માટે સર્વોત્તમ ઉદાહરણ છે. છેવાડાના દરેક માનવી સુધી યોજનાઓના લાભો પહોંચાડવા અર્થે સરકાર કટિબદ્ધ છે તેમ જણાવી વડાપ્રધાન નરેન્દ્રભાઈ



મોદીના વિશ્વાસ, વિકાસ અને જન કલ્યાણકારી યોજનાઓના મંત્રને સાર્થક કરવા માટે સૌને પૂજ્ય રવિશંકર મહારાજના જીવનમાંથી પ્રેરણા લેવી જોઈએ તેમ જણાવ્યુ હતુ. સરદાર પટેલ તેમજ રવિશંકર મહારાજના વિચારો આપણા જીવનમાં ઉતરે તેવી આશા વ્યક્ત કરી હતી. પૂજ્ય રવિશંકર મહારાજના મૂળ મંત્ર ઘસાઈને ઉજળા થઈએ, બીજાના કામમાં આવીએ ને યાદ કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, હોદ્દો કે પદ કાયમી નથી હોતા, પરંતુ આપણને મળેલા પદ અને નસીબનો સદઉપયોગ કરી જનતાની અપેક્ષાઓ પૂર્ણ કરીએ એ જ સાચી દેશસેવા છે.

#### રવિશંકર મહારાજની સમાધિ સ્થાનના નવસર્જન માટે રૂપિયા ૫ કરોડ મંજૂર

કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકીના પ્રયાસોથી રાજ્ય સરકાર દ્વારા સમગ્ર પરિસર તેમજ પૂજ્ય રવિશંકર મહારાજની સમાધિ સ્થાનના નવસર્જન માટે રૂપિયા ૫ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી હોવાનુ ગુજરાત વિદ્યાપીઠના વાઇસ ચાન્સેલર ડો. હર્ષદ પટેલે જણાવ્યુ હતું. ડો.પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વૈશ્વિક નેતૃત્વને બિરદાવતા કહ્યું કે, સરકારના જનહિતના કાર્યો અને સિદ્ધિઓની સુવાસ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે જ રાજ્યભરમાં આ 'પ્રગતિપથ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**